"માફી યોજના"(Amnesty Scheme)માં સામેલ કેસો પૈકી કોર્ટમાં દાખલ થયેલ કેસોમાં વકીલ ફી અને કોર્ટ સ્ટેમ્પ ફી માફ કરવા બાબતે...

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક જીયુવી-૧૦-૨૦૧૦-૩૫૯૬-ક-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 14 AUG 2012

વંચાણે લીધા:

(૧) ઉ.અને પે વિભાગનો ઠરાવ નંબર:જીયુવી-૧૦-૨૦૧૦-૩૫૯૬-ક-૧ તારીખ ૨૯-૦૩-૨૦૧૨.

(૨) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી નો પત્ર ક્રમાંક: : જીયુવીએનએલ-લીગલ-૨૦૧૨-૩૭૦ તારીખ ૨૪-૦૭-૨૦૧૨.

પ્રસ્તાવના:

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક નંબર (૧)ના તારીખ ૨૯-૦૩-૨૦૧૨ના ઠરાવથી રાજ્યમાં પ્રજાજનો કે જેઓ વિજ બીલની બાકી રકમને કારણે વિજ જોડાણથી વંચિત છે, તેઓને વીજ જોડાણની સુવિધા મળી રહે તેમજ રાજ્યમાં દરેક વ્યક્તિને વિજ જોડાણ (Power to all)ના ઉદેશને પરિપૂર્ણ કરવાના હેતુથી તેમ જ વીજ વિતરણ કંપનીઓ તેમની બાકી વીજ બિલની રકમ ઝડપથી વસુલ કરી શકે તે હેતુથી એક વખતની રાહતના પગલાં તરીકે "માફી યોજના" (Amnesty Scheme) અમલમાં મૂકવામાં આવેલ છે.

આ "માફી યોજના"(Amnesty Scheme)નો હજુ પણ વધારે વીજ ગ્રાહકો લાભ લઈ શકે અને કાયમી ધોરણે કપાયેલ (બંધ થયેલા)વીજ જોડાણો પુનઃ ચાલુ કરી શકાય તે માટે, વીજ કંપની દ્વારા દાખલ થયેલ દીવાની દાવાઓ માંડવાળ કરવા માટે, વીજ ગ્રાહક પાસેથી વકીલની ફી અને કોર્ટ સ્ટેમ્પ ફીની રકમ વસુલ ન કરવા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી એ વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી સરકારને દરખાસ્ત કરી હતી. આ દરખાસ્ત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે,સરકારશ્રીએ તારીખ ૨૯-૦૩-૨૦૧૨ના ઠરાવથી અમલી બનાવેલ "માફી યોજના" (Amnesty Scheme)માં આવરી લેવાયેલ કેસો કે જેમાં, વીજ કંપનીઓ દ્વારા દિવાની દાવાઓ દાખલ કરવામાં આવેલા છે તેવા કેસોની માંડવાળ કરવા માટે વીજ ગ્રાહક પાસેથી વકીલ ફી અને કોર્ટ સ્ટેમ્પ ફીની રકમ વસુલાત ન કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ વકીલ ફી અને કોર્ટ સ્ટેમ્પ ફી વસુલાતમાં રાહત માત્ર "માફી યોજના"(Amnesty Scheme)માં આવરી લેવાયેલ કેસો માટે જ મળવાપાત્ર રહેશે.

આ ઠરાવ નાણાં વિભાગની તારીખ ૩૧-૦૭-૨૦૧૨નોંધથી આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઈલ ઉપર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.જે. ત્રિવેદી)
ઉપ સચિવ
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/ માન. રા. ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી, વડોદરા
- મેનેજીંગ ડીરેકટરશ્રી દક્ષિણ ગુજરાત વીજ કંપની લી, સુરત/ મધ્ય ગુજરાત વીજ કંપની લી, વડોદરા/ પશ્ચિમગુજરાત વીજ કંપની લી, રાજકોટ / ઉત્તર ગુજરાત વીજ કંપની લી, મહેસાણા
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જીલા આયોજન અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ